૨૨૦૫

અનુક્રમણીકા.

સમાપ્તં.

ગરબાવળી

—•—

બાળ વિશે ગરબી

બાળો તમે બાળ મરજી રૂડી;
મુકી દેવી વાણી હોય ભુંડી. બાળો૦ ૧
રમવું તો ડાહ્યાની સાથે,
કે કજીયો નહીં આવે માથે. બાળો૦ ૨
વસ્ત્ર વગરનાં નહીં ફરીએ;
મા બાપનું બોલ્યું મન ધરીએ. બાળો૦ ૩
રુડી પળા સાથે નહીં રમીએ;
બોલેલું વાહાલાનું ખમીએ. બાળો૦ ૪
બીજા જેવું કાંઈ લેવા માટે
ન લડીએ મોટાની સાથે. બાળો૦ ૫
સાચું બોલે તે સારી;
જુઠે તો દુઃખ થાશે ભારી. બાળો૦ ૬
વિદ્યા ભણશે તે સારી,
તેના પર જઈએ બલીહારી. બાળો૦ ૭
ધંધા વગરના નહી ફરીએ;
મેહતાજીની શક્ષા મન ધરીએ બાળો૦ ૮

છોડીઓને ભણવા વિશે ગરબી.

બેહેનો તમે ભાવ સહિત ભણજો;
ગાંડા ઘોડા નિંદે તે ન [illegible]જો. બેહેનો૦ ૧
ભણે તેતો ભગવંતને ભાવે;

એવી રીત જ્ઞાન અધીક આવે;
નહી અભણનું સારૂં ગણાવે, બેહેનો. ૨
ભણે તેહ આળસથી ભાગે,
જેને થતી લાજ તે પણ ત્યાગે
મોટી સતીઓનું પદ માગે બેહેનો. ૩
દુરાચાર હોય ન ભણે તેમાં.
ભણ્યા જાણો કેવી રહે જેમાં;
અધીકતો હવે આપણ એમાં. બેહેનો૦ ૪
ભણેલી હતી રૂકમણી રાણી,
ગીરવાણ પુસ્તકમાં વખાણી;
જેની કવિતા જગ સૌ જાણી, બેહેનો૦ ૫
દીકરીને પણ ભણ્યું ભાગે,
એવું કોઈ ભણ્યાં ન ગણ આગે;
બોટે બોલનારા જુઠી લાગે. બેહેનો૦ ૬
ભણ્યા વિના ક્યાંથી અક્કલ આવે,
નિતીની રીતી તે કેમ જણાશે;
ભણ્યા વિના જન પશુ મનાશે. બેહેનો૦ ૭
ભલી ભલી ઇંગ્રેજની નારી,
શી રીતે નહી ઇંગ્રેજ સારા,
ચતુર લોકોને મનમાં વિચારી. બેહેનો૦ ૮
ભણો તમે આળસ પણ છોડી,
થશે તેથી લાજ નહીં થોડી;
કહે દલપત બેઉ કરજોડી. બેહેનો૦ ૯

અમદાવાદ વિશે ગરબી.

રાગ લાલ રાખી એક રાગણ લખીએ હરીને એ રાગ.

અમદાવાદ નામે આજ, શેહેર છે. સારૂં રે;

શહેર કંપની કેરૂ રાજ, પ્રજાને પાળ ૧
કોટા વચ્ચે માણેકચોક, શોભા સારી રે;
વસે લક્ષાપતી બહુ લોક, વડા વેપારી રે, ૨
નદી સાબરમતી વહે નીર, સેહેર સમી પેરે;
દેવતાઓના તેને તીર, દેવલ દીસે રે. ૩
એવી ખુબસુરતીઓ જોતાં અનેક મન લાગે મીઠુંરે;
પણ આચરન મોટું એક દ્રષ્ટીએ દીઠું રે. ૪
તેથી તેરશ પેહેલે પક્ષ, અસાડી આવે રે;
તારે ગોરગ પૂજવાનો લક્ષ છોકરીઓ લાવેરે. ૫
પાંચ દીન લગી એક અન્ન; મેળુ જમે છેરે
મોહોટા હરખ ધરીને મન, રોજ રમે છેરે. ૬
પૂજે વાળી જવેરા હેંગ, ગોરણ રીઝાનેરે;
નાય ધોને મળાં બહુ પર, નદીએ ન્હાવારે. ૭
આવ્યો અન્ય દરે ઉદ્યાન, નઠારૂ બકે છે રે;
ગઇ ગોરણ પુજવાની વાત છાકી છકે છે રે;
જેવી હોય હાલાંની હેગ, એવી આવીશે રે;
બોલે ભડવાની શું બિના પેર, કુછ ત્યાં હાસેરે ૯
તેના માત પીતાને ભ્રાંત, પુરા હશે પાજીરે
જ્યારે સાંભળતા હશે વાત, થતાં હશે રાજીરે, ૧૦
કોઇ સાહેબ એવા વાત, દેખે એમ રીત રે,
તેના માત પીતાની જાત, પુછે છે પ્રીતે રે. ૧૧
ત્યારે કેવી વધે છે લાજ, મળે શાબાશી રે;
એવા નિરલજ લોકો આજ, શેહેરના વાસીરે. ૧૨
કરૂં વિનંતી સમાચાર પત્ર શ્રવણ ધરજો રે;
તેના નામ લખી સારંવત જાહેર કરજો રે, ૧૩
આવા નિંદાના લખજો શ્લોક, છપાવજો નીતી રે.
તવ લાજ પામે એ લોક, તજે તે રીતી રે. ૧૪

હવે કહુંછું જોડીને હાથ, વીવેકીને ગમવારે;
એવી નિરલજ છોકરીઓ સાથ, ન જાવું રમવારે.
બહેને ગોર પુજવાનું નામ, કામ એ કરવું રે;
એ તો પાપ હરે એ કામ; દીલમાં ડરવું રે, ૧૬
ખરા ખોટા હરખ મન માંહી, વરત દીન જોઇરે;
ખુબ કુટવા રોવાનું કાંઇ, ન કરવું તે દીરે, ૧૭
છોટાપણામાં પડે જે ટેવ, ટળે નહીં ટાળારે.
માટે નીતી શીખો તતખેવ, બોલો સભારીરે; ૧૮
કદી પુરીએ નહીં કોઇ કામ, શાહેદી જુઠીરે,
લેઇએ પરમેશ્વરનું નામ, પ્રભાતે ઉઠીરે. ૧૯
અતી માત પોતાની શેવ, કોડે કાજેરે;
જોશી દલપતરામનો દેવ દીલમાં રાજેરે ૨૦

સુંદરબાઇને સાસરે જતાં શીખામણના.

ગરબી.

"અચકો મચકો કારેલી" એ રાગની

સુંદરબાઇ ચાલ્યાં સાસરીએ,
માબાપ શીખામણ આપે બેન લાજ વધારજો બાળેશુ
નીચ કુળની નિરલજ નારી,
ભરથારનું વેણ ઉથાપે બેહેન; લાજ૦ ૧
સાસુજી કહે તે સાંભળજો,
કોઇથી વઢવા ન કરશો બેહેન લાજ૦ ૨
સાંખી રેહેજો બોલ્યું સહુનું,
અભીમાન અંતર ન ધરશો બેહેન. લાજ૦ ૩
ઘરમાં બેઠાં ધંધો કરીએ,
પર ઘેર ઘણું નવ જઇએ બેહેન, લા.જ૦ ૪
તમે ભણ્યાં ગણ્યાં બહુ છો ડાહ્યાં;

તમને માફ શું કહીએ બેહેન. લાજ૦ ૫
ઘેલાં ઘેલાં તો નવ રહીએ,
ચટકો મટકો નવ કરીએ બેહેન લાજ૦ ૬
કોઇ, વાત કરે વાંસે લોકો;
એવું કદીએ ન આચરીએ બેહેન લાજ૦ ૭
જે સપુત છે સારી છોડી;
માબાપની લાજ વધારે બેહેન. લાજ૦ ૮
મણી લોહ તણું સોનુ કરસે;
શોભતાને એમ સુધારો બેહેન. લાજ૦ ૯
જે સંપ સગાંથી તોડે છે,
તે કોઈ વખત હાથ ઘસેછે બેહેન. લાજ૦ ૧૦
જે સઉનુ સારૂ ઇચ્છે છે.
તેના દલમાં દેવ વસેછે બેહેન. લાજ૦ ૧૧

સજનીને શીખામણની ગરબી

"કેહ ન કરીએજીરે" એ રાગની

સાંભળ બેહેન શીખામણ સારી તે છે ખાતર તારીજીરે
સુખ સંપતિ સત કિરતી સેવીશ, માનીશ વાત અમારી;
સુણજો સજનીજીરે, ૧
સજ સઘળાથી પેહેલાં જાગો, પ્રીત સહીત પરભાતેજીરે;
આળસને તો મેલો અળગી, વળગી ન રહો વાતે સુ. ૨
પ્રાર્થના પરમેશ્વરની કરી ઘર ધંધામાં ધશિએ જીરે;
જ્યાં સુણીએ ઉપદેશજ ઉલટો, ત્યાં નહી વાસો વશિએ.
જે નારી વઢકારી નઠારી, લડશે લાજ વીસારીજીરે;
તો તેમાંથી તુરતજ પાછાં, હઠીએ હિમત હારી. સુ. ૪
લટક ચટકની ચંચળ ચાલે, ચઉટામાં નહી ચાલોજીરે;
સદ આચરણ વીના સુવરણનો, ઠાઠ ન ઠથીયે ઠાલો સુ. ૫

એ ગુણ મેહેલી પાજ્યો ચણીયે, ભણુએ ગણીયે ભાવેજીરે,
ખુબ કરજની ખાણ ન ખણીયે, જે થકી નિંદ્રા નઆવે. સુ.
આવકનો આકડો જોઈને, ખરચ કરીયે જાણીજીરે;
આવકથી અદક ખરચે, ઘર ખોવાની નીશાની. સુ. ૭
ધનમાં થઇ મગરૂર ન ફરીયે, બોલ ન બોલે બળમાંજીરે;
માનઘટે અભીમાન ધરયાથી, ઘટે પ્રતિષ્ઠા પળમાંસુ. ૮
નમ્રપણામાં અમૃત સરખો, સ્વાદ વસેછે સારોજીરે;
મગરૂરીમ રસ નથી મીઠો, ખાટો તીખો ખારો. સુ ૯
કરવા ઉદ્દેશ ઉદ્યમમાં ધરીયે, કદીયે કલેશ ન કરીયેજીરે;
માણસનું જીવતર છે મોઘું, જડે ન નાણે ખરીએ સુ ૧૦
સુઘરેલી સુંદરીઓ સાથે, નામ ગણીએ જેનું જીરે;
દલપતરામ કહે દુનીઆમાં, ધન ધન જીવતર તેનું સુ. ૧૧

ફુવડી મુસાફરીની ગરબી

'સામી સાંજના ચોર છુપાયારે, લઈ બાગણીયા' એ રાગની.

એક હતી મુસાફર ઘેલીરે, સુણો સાહેલીયો;
તેની આગળ એક તપેલીરે સુ० ૧
ગઇ રાતની રાખી કેહીરે સુ०
ઉઠી પરભાતે માંજવા બેઠીરે સુ०
ઘણી રીતે ઘસી ઘસી થાકીરે સુ०
બહુ ડાઘા રહ્યા તોય બાકીરે સુ० ૩
પુર રીસે તપેલી ઉપાડીરે; સુ०
સામી ભીતની સાથે પછાડીરે સુ० ૪
થઇ પચરો તપેલીને ફુટીરે સુ०
પડયાં કાકાં તપેલીતો ફુટીરે સુ० ૫
થયા બપોર ભુખતો લાગીરે સુ०
પુછી વાસણ માગવા લાગીરે, સુ० ૬

એતે વાસણ ન આપે કોઈરે સુ૦
પછી રાગ તાણી ઘણી રોઈરે સુ૦ ૭
તો થઈ ન તપલી તા સાજીરે સુ૦
હસે લોકને તે મરે લાજીરે સુ૦ ૮
જેથી સ્વારથ આપણા જાગ્યોરે. સુ૦
તેના ઉપર ક્રોધ ન કરીએરે સુ૦ ૯
લાત દુજતી ગાયની ખમીએરે, સુ૦
તને તજીએ તો દુખ કમાં જઈએરે સુ૦ ૧૦
કોઈની સાથે કુસંપ ન કરીએરે સુ૦
એમાં આપણે હલકાં પડીએરે સુ૦ ૧૧
સાંભળી ચાલે ના માનુસ મેહુરે સુ૦
દીસે સાચુ ગાણા નથી ભેહુરે સુ૦ ૧૨

ફુલણજીની ગરબી.

"વાલા તમારી જોતા રહીશું વાટરે વાલાજી"

ફુલણજી તમે ફુલતા કેમ ફરતારે ફુલણજી;
આ ઉપજ ખરચમાં આ કેમ ભુલ્યા મારા ફુલ૦
કરજ કરીને ઘરેણાં, કા ઘડાવ્યારે ફુલ૦
આ ગરથ પરાયા લઈ, શીદ લાવ્યા મારા ફુલ૦
ઘર વેચીને ઘી શાકર તે ખાધારે ફુલ૦
આ જમણ રાગરસ માં તે જીવતાં કીધાં મારા ફુલ૦ ૩
પીતાંબર પેહેરીને ફરતા ફરતારે ફુ૦
આ મનમાં ફુલ કરી, મુછે કર ધરીઆ મારા ફુલ૦ ૪
વળતો દીવસ થયો કે માગે નાણાંરે ફુલ૦
આ નાણાંના કાંઈ ન મળ્યા ઠેકાણાં મારા ફુલ૦ ૫
આ ફુલણજી ઉપર અરજી થઈ ત્યાંશીરે ફુલ૦
આ જપ્ત થઈ કાઢાડી ગીલ્કત ઘરમાંથી મારા૦

આ ફુલણજી તમને જોને ફુલાવ્યારે ફુલ૦
આ તેતો કંઈ મદદ કરતા નવ આવ્યા મારા ફુલ૦
આ ફુલણજીતો કુવો શોધવા ચાલ્યારે ફુલ૦
આ ગરથ વિના અફીણ ન કોઈએ આપ્યાં મારા ફુ૦
આ જમતી વખત વખાણ ભલા જે કમતારે ફુલ૦
આ એ સઉ હાસ્ય કરે નિંદા આચરતા મારા ફુલ૦
આ અવસાર તો અધીક વખાણી ચઢવ્યારે ફુલ૦
પણ આ અવસરતો બેવકુફ બનાવ્યા મારા ફુલ. ૧૯
પેહેરયાં ઘટકુળને બાંધ્યાં બંદવારે ફુલ૦
આ ઘર બાળીને ચાલ્યા તીરથ કરતા મારા ફુલ૦
ફુલણજીની રાંડ રૂવે મો વાળીરે ફુલ૦
આ ફુલણજી શીખાવ્યા ટેકા ટાળી મારા ફુલ૦
ભોળાને નરશી શીખામણ દેસેરે ફુલ૦
ને નીસાસાનું પાપ ઘણું શીર લેશે મારા ફુલ૦
હીમ્મત, દલપતની શીખામણ ધરજોરે ફુલ૦
તો ફરજ કરીને નાત વરો નવ કરજો મારા ફુલ૦ ૧

રિયળ વિશે ગરબી ૭

શિયળ તણો મહીમા બહુ મોટો, ખોટો નથી ખરોછે જીરે ૨
શિયળ વના સદગુણ સઘળાથી જરી નહીમો ભયેજીરે;
પાઘડી પેહેરી પામરી ઓઢી, ન શોભે નાગો બાવો. સુ૦ ૨
હાંડી જમરૂખ તકતા માંડી, શોભાવ્યું ઘર સારૂજીરે
દીવા વીના અંધારા ઘરમાં, સૌ દેખે અધારૂ; સુ૦
સરવે અંગે સાજુ તાજુ, નાવ નવીન બનાવ્યુંજીરે;
પણ તેમાં એક છીદ્ર પડયું તો, તરીને તેડે આવ્યુંજીરેસુ૦૪
પરમેસરનું બાહ્યનુ પકડે, શીયળ ન પાળે સાચુંજીરે;
કથા ગીએને ક ન પાળે, તો જીવ્યાનુ કાચું; સુ૦
જપ દાન કે પ્રાર્થનાવી, જારી પાપ નહી જાશેજીરે.

તોય શીપારશ લેશ ન ચાલે, પરમેસ્વરની પાસે; સુ૦ ૬
જો બાળપણથી ડાહાપણમાં, ખાંપણ ખોટુ મળશેજીરે; ૭
બુઢાંપણ આપણને આવે, તો પણ તે નહી ટળશે. સુ૦
શીયળ થકી સંપુરણ થાશે, પરમેસ્વરની પ્રીતીજીરે,
દલપતરામ કહે દુનીયામાં, સુખદાયક શુભ નીતી સુ૦ ૮

સ્ત્રીને ભણવા વીશે ગરબી.

તમે ભણો ભલી ભાત; બાઈ હિંદુવાણી.
રહો સુખી દીન રાત બાઈ હિંદુવાણી.
જેથી દુષ્ટ બુદ્ધિ જાય બાઇ હિંદુવાણી;
સ્થીર સારી બુદ્ધિ થાય બાઈ હિંદુવાણી;
રાખો સંપ સગા માંહ બાઈ હિંદુવાણી;
નહી ક્લેશ કરો કાંઇ બાઇ હિંદુવાણી;
સુખ સતમાં સદાએ બાઈ હિંદુવાણી;
ગુણવંત એમ ગાય બાઇ હિંદુવાણી;
શોભો સારા કામ કાજ બાઇ હિંદુવાણી;
વધે લોક માંહે લાજ બાઇ હિંદુવાણી;
તજી પીયરમાં પ્રીતી બાઇ હિંદુવાણી;
રહો સાસરે સુરીતી બાઇ હિંદુવાણી.
કોઈ કરે સારો બોધ બાઈ હિંદુવાણી;
સુણી કીજીએ ન ક્રોધ; બાઇ હિંદુવાણી;
જાજે અકલ અભેવ બાઇ હિંદુવાણી;
દલપત કરો દેવ બાઇ હિંદુવાણી

સાત વારના વખાણ

ભજીએ ભાવે ભગવાનને,
તજીએ તુચ્છ સગાય.
સજીએ સામગ્રી સ્વર્ગની
હજીએ આપણ છે હાથ. ભજીએ ભાવે ભગવાનને

આદીત ઉગ્યો આકાશમાં,
કોઇ જન કહેશે આક તાકુ;
જુદો જરૂર ન જાણીએ,
મતલબ કારજ સારૂ. ભજીએ ભાવે ભગવાનને.
સોમ સરીખા શીતળ થઇ,
ધોગ ધણના જેવું હોય.
સમજણ પામે જો શાણી,
કલેશ ન લાગે દીન કોય, ભજીએ ભાવે ભગવાનને. ૩
મંગળ આજે શકુ મનનું,
આપણું મંગળ થાય,
નરેશ નરસું કૃત પાળીએ,
એવું સમજીએ સદાય: ભજીએ ભાવે ભગવાનને.
બુધ જન બુદ્ધિ આપી સુઝતી,
કરી શુભ રીતી વીચાર
પ્રીતી રાખે પરીક્ષામાં;
જે છે જગનો કરતાર. ભજીએ ભાવે ભગવાનને. ૫
ગુરૂજન બીજે ગુણ આપતાં,
જરાએ કરીએ નહીં શોક,
ધરીએ વિદ્યા નીત નીત નવા.
કરીએ હરીએ નહીં કોક: ભજીએ ભાવે ભગવાનને ૬
શું કરવા લડીએ લોકથી,
ચડીએ પાધરી વાટ
ઘડીએ દીવસે નવ ખેલીએ,
ઘડીએ વીદ્યાના ઘાટ, ભજીએ ભાવે ભગવાનને.
શનીશ્ચર થઇએ હરી સ્મરણમાં,
તેવી રાખીએ ટેવ;
કઠણ સમે આવે કામમાં;

દલપતરામનો દેવ ભજીએ ભાવે ભગવાનને

ભુંડી ભારજા વિશે ગરબી

ભાઈયો જેની ભારજા ભુંડીરે તેને પીડા અંતર ઉંડી;
લાજ તજિને વઢાઇ કરે નીત, ભાળવા લોક ભરાય;
સારા મનુષ્યના ઘરનું નગોણું; જોણું જગતને થાય;ભાઈ ૧
જેમ બીલાડી ઊંદરને જુવે; એમ નાથ સામા કરીને નેણ
પગ થકી પ્રગટે માથા લગી, એમાં વાંકા કાઢે વાણ;ભાઈ ૨
ચાર ઘડી પેટ ચહેરે ટળે, ત્યારે સુખ બંનેને થાય;
ઘડીએ આવીને ઘેર બેસે ત્યારે શેર લોહી સુકાય. ભાઈ ૩
પોહોર ચઢે દીન પોઢાડીને ઉઠે, ચાંપે લડાઇનો ચાલ;
જો લડનાર કોઇ ન જડે તો, પડતાળે પોતાના બાળ ભાઈ ૪
સ્નેહ કરી કહી સ્વામી સંઘાતે, બેશી ન બોલે વાત
ધુમાડાની પેઠે ધુંધવાતી, રહે રોસ ભરી દીન રાત ભાઈ
પેટ થકી તો ઘણીજ પોતામાં, સમજણ જાણે સદાય
હૈયે થાકેલો મનુષ્યના સુખની શીખામણ શું થાય;ભાઈ
પંડીત શાસ્ત્ર ભણેલ પુરાણી, મોટી સભામાં મનાય;
માન તજિ મુરખાના મોહોડાના, તેજ હુંકારા ખાય;ભાઈ ૭
જેને વીતા હોય તે નર જાણે, આણે બીજા અહંકાર,
ડાહાપણનો ધનવંત કહે કોઇ ગરવ ન કરશો લગાર,ભાઈ.

દુષ્ટ નર વિશે ગરબી.

દષ્ટ નર દુષ્ટની કાણીરે, સુણો સત્ય સ્નેહજ આણી;
મોટું વેહેલું કામ કે, બગડે એ માણસ માત્રની રીત.
પોતે કરયું તે પાધરૂ જાણે, નારીને માર નીત દષ્ટ ૧
સાસુ નણંદ દેરાણી જેઠાણીઓ, સાચા જુઠા સુણી બોલ.
વાંક વિના વનીતાને તજે તો, તે નરખરને તોલ; દષ્ટ
ગાગડે ઘેહું ચુડ કરે જેમ, ગોરી સદા ગભરાય;

ઘરમાં કરેસે હરેક ધણેરો, તેથી જુદો નહી થાય, કહુ
સાસરીઆની સાથે લડી કાઢે, રાંડ ઉપર તે રીસ;
સારા માણસની શીક્ષા ન માને જેને રૂઠયા જગદીસ કહુ ૪
માનનીનુ અપમાન કરે નીત, ગાએ નઠારી ગાળ;
તુછ ગણી તીરસ્કાર કરે તો, તે નરનું મોં બાળ કહુ. ૫
સગાનુનો ટંટો તુરત ટળે, કોઇ ઘરડું આવી કહે ઘેર;
ઊંડુ કહે કે આડુ જુવે, તેનો પાર નઆવે સીપેર કહુ ૬
પોતેતો ખાય પીએ ઘણું સારૂ, ને વસ્ત્ર ધરે શુભ રીત
નારીને આપે નિત્ય નઠારૂં, કહો કેમ પ્રગટે પ્રીત કહુ. ૭
સ્વામી સાંભળને વાંક વીના; આવી કામનીને લડે કોય;
સારી રીતે સમાધાન કરે નહી, હિજડા જેવો હોય કહુ. ૮
પીયેરીયા પટકુળ ન પુરે, તો સ્વામી કરે સંતાપ;
કહે ધનવંત એ કંથ સ્વરૂપે; પલા જનમનું પાપ કહુ ૯

દેશીઆને ઊદમ કરવાની ગરબી

કોઇ કાજ કરે રાજ નવલ આવ્યું છે હુનર નરેશનું;
પ્રથવી ગઇ પરદેશી હાથે.
એ મોટી ભુલ તમો માંથે,
તમેસંપ ન રાખ્યો કોઈ સાથે
દેશી મીત્રો દુઃખ સરવ ટાળોરે આપણા દેશનું
આ વખત જુઓ તમે વિચારી
નીરધન થઇ બેઠાં નરનારી;
કાંઇ ધુળ મળ્યા ધંધારી,
દેશી મીત્રો દુઃખ સરવ ટાળોરે આપણા દેશનુ. ૨
તમે દીવસે સુવુ દુર ધરો,
દીલ ખોલી ખુબ વિચાર કરો;
હવે જાગ્રત થઇ કાંઇ જુગતી કરો,
દેશી મીત્રો દુઃખ સરવ ટાળોરે આપણા દેશનું ૩

તમે સગાં કુટંબમાં સંપ કરો
વળી દેવાદાર થતેજ ડરો;
તમે નિત્ય ઘટાડો નાત વરો.
દેશી મીત્રાં દુઃખ સરવ ટાળોરે આપણા દેશનું ૪
ધન મળતે તુરતજ ગરવ છાંડો,
તમે મોટા ખરજ નવ માંડો;
તમે પણ્યા પેહેલાં શીદ રાડો,
દેશી મીત્રો દુઃખ સરવ ટાળોરે આપણા દેશનું.. ૫
વિદાનો સ્વાદ સદા ચાખો;
મન ઉદમમાં અહોનીશ રાખો,
શીદ ભાગ્ય લખ્યું થાશે ભાખો,
દેશી મીત્રો દુઃખ સરવ ટાળોરે આપણા દેશનું. ૬
પડતર જમીન તે ખેડાવો,
ઉગશે જો ત્રણ વખત વાવો.
નીર ઉદમી ઉદયમમાં લાવો;
દેશી મીત્રો દુઃખ ટાળોરે આપણા દેશનું; ૭
અદાલત અરજિ ખળસાવો
લુચ્ચાઓને લાંચ ન સુપાવો;
નાતીલા પાસ કહો દાવો,
દેશી મીત્રો દુઃખ સરવ ટાળોરે આપણા દેશનું ૮
પરદેશી હુનર પ્રગટ કરો.
સંચાને જંત્રો શીદ કરો;
દલપતની વિનતી દીલ ધરો,
દેશી મીત્ર દુઃખ સરવ ટાળોરે આપણા દેશનું ૯

મુવા પછવાડે ન રોવા વિષે ગરબી.

બાલાની વાંસે રાગ તાણી નવ રોવું
જે તેને જંપ ન ઉપજે, જીવમાં સમજી જોવું રે;

બાળાની વાંસે રાગ તાણી નવ રોવું
ગોપીકાજીએ કહ્યું ગરૂડને, કુટે રડે જે કોઇ;
અશરીરી આત્મ દુખ પામે, મરે નીસાસા રોઇ;
બાળાની વાંસે રાગ તાણી નવ રોવું.
નીચ લોકોનાં આંસુ ઝરે, તે અમગર પામે પરાણે;
કેરવ મારા કેરવનાં દુખથી, એ દુખ આદકુ જાણે;
બાળાની વાંસે રાગ તાણી નવ રોવું ૨
કોઇ પાની કુટે રોઇ, કુટે ચુડ કેશ હાથે.
એ સાગી પરી પુન્ય પીડા ના નારને માથે;
બાળાની વાંસે રાગ તાણી નવ રોવું ૩
સોક વખાણે કે ન વખાણે, તે સઉ સાંખી રહીએ,
જો કરીયાગમાં હેત વધે તો દુખ તેને શીદ દઇએ;
બાળાની વાંસે રાગ તાણી નવ રોવું. ૪
શતરના સંપુરણ હોય તો, રડો કુટો ન વિચારો;
ભરતનાં વેર વળી ન શકે તો મરતાને વળી મારો;
બાળાની વાંસે રાગ તાણી નવ રોવું ૫
કુટયા રડી જો કાંઇ દેખોતો. કુટો લેઇને પાણો;
શા માટે તમે કુટી શરીરમાં રોગ ઉપાધી આણો;
બાળાની વાંસે રાગ તાણી નવ રોવું. ૬
એવી શોભા મેલો અળગી, બળગી રહો માં વેહેમે;
તોકી સુખ ઉપજે એ જીવને, પુન્ય કરો કાંઇ પ્રેમેરે;
બાળાની વાંસે રાગ તાણી નવ રોવું. ૭
રોશો પણ તેને નવી જોશો, ખોશો આંખ તમારી;
દલપતરામ કહે દીલ શોધી, માનો શિક્ષા મારી,
બાળાની વાંસે રાગ તાણી નવ રોવું. ૮

શિયળનું ધોળ.

(શિયળ એટલે વ્યભીચાર અથવા છીનાળું ન કરવા વિશે.)

ખડુચર ભલે આવીયાં એ રાગનું

સુણો સમજુ સકળ નર નારીયો,
મોટો શીયળ તણો મહિમાય, શીયળ પાળો સ્નેહથી;
જે કોઇ શીયળ સારી રીતે સાચવે,
સરવે સફળ મનોરથ થાય શીયળ પા. ૧
સોના રૂપાની શોભા ન સમજીએ,
શોભા સરસ શીયળ શણગાર. શીયળ પા. ૨
જોવાં નકટાંને ભુશણ નાંખીયા,
એવા શીયળ વીના નરનાર, શીયળ પા. ૩
વધે લાજ અધીક ઠીક લોકમાં;
પર લોકમાં મુકતી પમાય. શીયળ પા. ૪
સુખ સંપતી શીયળથી સેવીયે,
રીઝે જગ કરતા જગરાય. શીયળ પા. ૫
માટે શીયળ સરવ રીતે સાચવો,
તજો કામી હરામીનો સંગ, શીયળ પા. ૬
જરીએ ડરીએ નહી મરણુના ડર થકી
બારે ડરીએ શીયળ થતે ભંગ. શીયળ પા, ૭
તજી લાજ બે અદબી ન બોલીએ;
નહી ડોલીએ મદ છક માંય શીયળ પા. ૮
નીચી નજરે સરળ રીતે ચાલીએ;
હાંશી મશ્કરી કરીએ ન કાંઇ. શીયળ પા. ૯
ફુટી આંખે ફરે જે કોઇ ફાતડા,
તેનું ડાટીએ માટીમાં મુખ. શીયળ પા. ૧૦
તજવી સોબત નીત્ય તેહની,
જેને લજવી જનેતાની કુખ. શીયળ પા. ૧૧
ભણવું ગણવું તો તેનુ ધન્ય છે,
જેને કુળને લગાડયો ન ડાઘ. શીયળ પા. ૧૨

ભણી ગણીને શીયળ ન સાચવે.
એના ભણતરમાં ઉઠી આગ, શીયળ પા. ૧૩
છઠ્યા ફુટા બોલે બોલ હાંસીએ,
દેખી ફાંશીને નાશીએ દુર. શીયળ પા. ૧૪
શિક્ષા સુંદર દલપતરામની;
જાણું કામની શીખો જરૂર શીયળ પા. ૧૫

લગનમાં ફટાણાં ન ગાવા વિશે ગરબી.

ધોળકામાં ઘરમશી ફુલતો મેથા ડમર ગાજે. એ રાગનુ
આવો સહુચર બાઇ બેનડી ગાઇએ ગીત રૂપાળાં;
મંડપમાં મેલો દીવડો ભલાં થાય અજવાળાં. ૧
આજ ઘડી આનંદની, આજ રજની રૂપાળી
સોનાનો સુરજ ઉગાયો, આજ દીવસ દીવાળી. ૨
ગાઇએ ગીત ભલાં ભલાં વેવણોને હરાવીયે;
બોલ બે અદબી ન બોલીએ, જેથી જાત લજવીએ. ૩
કોળી નાળીના કુળની, એતો ગાય નઠારૂ;
આપણ ઉતમ કુળનાં, નહી ગાઇએ નઠારૂ ૪
જાત્યને ભાત્યતો જાણીએ, બોલ બોલે જે ઘડીએ;
બોલે નઠારૂં તો નાયકા એમાં આધા ન પડીએ, ૫
ઉતમ જાતની બેરતો ખોટું ગાતાં લજવાશે;
મધ્યમ જાતની માનની, ગીતે મસ્કરી ગાશે. ૬
મસ્કરી પણ મરજાદની, આપણી એમ ન બોલો;
જરૂર ફટાણી હોય જો, કહું એટલું બોલો. ૭
વેવણને કેરો વાદરી ગાંઠ પુછડે વાળો;
વેરાગી કહીએ વેવાઇને કાંધે કાંબળો કાળો. ૮
ઘણી અધીક વિધે એચરે નીચી જાતમાં ભળવા;
બાપ ભાઇ બેઠા સાંભળે જેવા વેસ્યાના ભ. '. ૯

ધીક પડયો અવતાર એ શબ્દ શું કહીએ જાદા;
કામની નહી એનો કુતરી, મરદ નહી એતો માદા,
મારી શીખામણ ગઇએ જેથી સમજી રીઝે;
દસકત દલપતરામના, દીલમાં લખી લીજે. ૧૧

સંપ વિશે ગરબી.

દેશમાં સંપ કરોરે સંપ કરો, હાંરે જે કાંઈ સંપ તજીને
સુખ માગે, તેના સુતેલા શતરૂ જાગેરે;
દેશમાં સંપ કરોરે સંપ કરો. ૧
હાંરે તજી સંપ લડા લડી આવે તેમાં તુરત ત્રીજાને
ફાવેરે, દેશમાં સંપ કરોરે સંપ કરો. ૨
હાંરે જે કોઇ વીઘા જમીન સારૂ લઢતા રાજ ખોઇને
રહયા હવે રડતારે દેશમાં સંપ કરોરે સંપ કરો. ૩
હાંરે હજુએ હઇયે વિચારી નહી જોશો, ખરખાત છે
હાથમાં તે ખોશોરે દેશમાં સંપ કરોરે સંપ કરો. ૪
હાંરે તમે ટંટા ધરમના ટાળો, જે જે પ્યારો લાગે તે
ધર્મ પાળોરે, દેશમાં સંપ કરોરે સંપ કરો, ૫
હાંરે છળ દગા કપટ દો છોડી, આખા દેશની થઇ
આબરૂ થોડીરે દેશમાં સંપ કરોરે સંપ કરો. ૬
હાંરે કરી સંપ કાંઇ હુનર ઉઠાવે, દેશની વખત ફેર
વાવોરે, દેશમાં સંપ કરોરે સંપ કરો. ૭
હાંરે કોઇનું સારૂ દેખીને શીદ દાઝે તેને બુડાડી મા
રવા ન બાઝોરે, દેશમાં સંપ કારોરે સંપ કરો. ૮
હાંરે માનો દલપતરામની વાણી, પક્ષપાત વિના સત્ય
પ્રમાણીરે, દેશમાં સંપ કરોરે સંપ કરો

કેફ ન કરવા વિશે ગરબી

તજો તમે કેફ રંગ કરવું,

જેથી થાય મોત વિના મરવું તજો તમે કેફ૦ ૧
નથી એમાં સ્વાદ કશો શારો,
વિવેકની નજરથી વિચારો.
દુખી થાશે કેફનો કરનારો, તજો તમે કેફ૦ ૨
પીએ જે જન મદીરા તાડી,
તેના ફળ દેશું દેખાડી,
ઊંચે પદથી દેશે પાડી. તજો તમે કેફ૦ ૩
આફીણથી કંઇક ગયા ઉડી,
ગુમાવી ગાંઠ થકી મુડી;
મુવા દુખ દરીયામાં બુડી. તજો તમે કેફ૦ ૪
મુરખને મુરખ મળે સંગી;
લાલાખર ભાંગ પીએ ભંગી;
અકકલ હીણા ને અડબંગી. તજો તમે કેફ૦ ૫
મદુર કે માજમ જે ખાશે,
જરૂર અકલ તેની જાશે;
સારા સારા લોકમાં નિંદાશે. તજો ત કેફ૦ ૬
પીએ કોઇ ગાંજો ગુણી જાણી
ધુમાડો ખેંચે બળ આણી;
એની તો અકકલ વેચાણી. તજો તમે કેફ૦ ૭
તે સરવે રોગ કરે તનમાં,
અમે સાંભળ્યું વઈદો જનમાં;
મોટા તમે માની લેજો મનમાં. તજો તમે કેફ૦ ૮
ન ખાશો પાક કદી પ્રીતે,
જેથી ચતુરાઇ ગરે ચીતે;
રેહેજો રૂડા માણસની રીતે. તજો તમે કેફ૦ ૯
પ્રભુ થકી દીલમાં જો ડરાએ;
કદી એવું કરમ નહી કરીએ

શીખામણ સારી રૂદે ધરીએ. તેજો તમે કે૰ ૧૦
બનાવી ગરબી બહુ સારી,
સુણી જે દેસે વિસારી.
તેના મુખ ઉપર પેજારી. તેજો તમે કે૰ ૧૧
વારે વારે શું કહીએ વારૂ,
સ્નેહ કરી કહુ છુ તમ સારૂ;
માનો 'દલપતરામકે' કહ્યું મારૂં. તજો તમે કે૰ ૧૨

ગરબી ૧૭

કફોની સ્ત્રીને પસ્તાવા તે વિશે

મા મુજને કેમ દીધારે કફી કંથને,
કાહાડી શોધ્યા કીયા જનમના વેરજો.
જન્મ સમે નવ આણ્યા મારા અંતને.
ગળગુથીમાં ઘોળી ન પાયુ ઝેર જો મા મુજને ૧
ઉછેરી નાંખીરે બળતી આગમાં,
ઉગરવાનો નથી હવે ઉપાય જો.
ભોગવવુ દુઃખલખ્યુરે મારા ભાગ્યમાં,
રજની દહાડા રડતે વીતા જાય જો મા મુજને ૨
આવરદા મારી અતી લાંબી થઇ,
તરાગ નહી જે તડકે તોડયો જાયજો;
કરમ તણી કાણી કયાં જાય ટળી;
છાંય કુવાની કુવા વિશે સમાયજો, મા મુજને ૩
શું કરવું હવારે આ સંસારમાં,
હાથે મરૂ તો આત્મ હત્યા થાય જો;
સાત જન્મ પામુરે શોક અપારમં;
પાર ન આવે કરતા કરોડ ઉપાયજો. મા મુજને ૪
રમવુ ને જમવુ તો મુજને નવી ગમે;
માથે ઉગ્યા દુઃખના મોટાં ઝાડજો;

એ દુઃખણી છોડાવે મુજને આ સમે;
પુરણુ માનુ પરમેશ્વરનો પાડ જો; મા મુજને
ફરી જન્મ ધરશુ ત્યાં સુખ પામશું.
આ અવસરતો એળે ગયો અવતાર જો;
હૈયું કઠણુ રાખીને હીમત રાખશું,
ભાગે લખીયો દેવે આ ભરથારજો, મા મુજને
પાપ નથી કીધાં મે આવડાં આ પળે,
પ્રગટી આવ્યાં પેલા ભવના પાપ જો,
લેખ લખ્યા દૈવે તે ટાળ્યા નવ ટળે
કરમ કરે તે ન કરે માને બાપ જો, મા મુજને ૭
દીલમાં એમ સમજીને દુઃખ ન માનવુ,
રખુ લઇયાગાં કેના ઉપર રેશજો;
ભવ પેલે કીધાં તે ભોગવી છુટવું.
દલપતના સ્વામીને ન દેવો દોશજો.

કેફીના ધરનો હેવાલ ગરબી.

કેફી સધયર જેનો કંથડોરે, તેના પુરણુ પાપ,
મનમાં ઉદાશી મટે નહી,
હાંરે તપે તનડામાં તાપ; કેફી૦ ૧
એનો દાસે અળખામણોરે જાણે જીવનો ટળેલ;
આડા બોલો અફીણીઓ,
હાંરે એના ગાત્ર ગળેલ; કફી૦ ૨
એક ટકાની નહી આબરૂરે; પીટયો ચઉટાનો ચોર;
દાહાડી દોરાએ દરબારમાં,
હાંરે પુડે લોકોનો સંર; કેફી૦ ૩
અપોચીઆને ઘણો આળસુરે,
કાંતો ઊંઘે કાં ગાય, રળવાની શકિત રહે નહી;
હાંરે રળ્યુ રંડાનુ ખાય, કફી૦ ૪

બારેથી આવે એ બાકળોરે,
હીણા દેખાય હાડ; ખુણે ઢાળીને પડે ખાટલો,
હાંરે બઈરી છઇયાનો કાળ; કેફી૦ ૫
બાળકને ખાવા નહી બાજરીરે,
પીટો પ્રગટે ઉફાંદ, છતે ધણીએ બાળે છાતડી.
હાંરે વેઠે રંડાપો રાંડ; કેફી૦ ૬
લાજ હીણો લેખે નહી રે જાએ તરાજુથી તોલ;
તેવાં અફીણના તોરમાં
હાંરે બોલે જુઠેરા બોલ. કેફી૦ ૭
કાઈ કોઇ વખત થાય કેફ થકીરે,
હઈયાં ફુટો હેરાન તોએ શીખ દલપતરામની;
હાંરે કદી ધરે ન કાન કેફી૦ ૮
સજ્જનોએ કેફ કરવાનો વિચાર ન રાખવો; ગરબી ૧૫
સજન લોક વિચારી, સારી શિખામણ મન ધરીએજી
જેમ તેમ મુખ બોલાએ, જેથી દીલાસા નહી ડરીએ,
કેફ ન કરીએજી૦ ૧
તાળી પાળી દેપ દેખાડો, કહુછુ દાહાડી દાહાડીજી
મારૂ વેણ તમે માનો તો, તજજો દારૂ તાડી. કેફ૦ ૨
કેફ કરયાથી ઘટશે ભાઈ, ચીતમાંથી ચતુરાઇજી
ધન ખરચી લેવી લુચાઇ, મોટી એ મુરખાઈ, કેફ૦ ૩
લાજ ઘટેને કાજ ન સુધરે, એમ ન વીચારે આંધોજી
સાર નથી એમાં કાંઇ અંતે, ઘર ખોવાનો ધંધો કેફ૦ ૪
વેદ પુરાણ કુરાન કીતાબે જો જો હેત તપાસીજી;
એ લક્ષણ તજવાંથી મળશે, સઘળેથી શાબાસી; કેફ ૫
કાજી મુલાનો મત એ છે મત છે અધ્યારૂનોજી;
હિંદુમાં ગા હત્યાથી, પણ દોશ ઘણો દારૂનો, કેફ. ૬
દારૂ સારૂ મારૂ તારૂ, ચોરયાનું ચીત થાશેજી;

કોઈક સમે સાંકડામાં આવી, જીવ તેમાંથી જાશે; કેફ ૭
વસ્ત્ર તજીને લાજ વિનાના, ખરની રાતે રખડશોજી;
કંઈ દ્રવ્યપન કરમાં દીતે લઈ, કાંઈ કુવામાં ન પડશો;કેફ ન કરશોજી;

કેફના અવગુણ વિસે, ગરબી. ૨૦

કંઈ લોકો કેફ તણા અવગુણરે કહું કેટલા.
નીરલજ નરકે કેફ તણા, કરનારરે જગમાં જેટલા;
આ જગમાં જે નર કેફ કરે,
તેના તનમાં રેગ અનેક ઠરે.
તેની નીશ્ચે જગમાં લાજ નરે
ફકી લોકો કેફ તણા અવગુણરે કહું હું કેટલા ૧
તેના બાળક બાજરાને રડશે.
તેને બેહેણાવાળા નીત લડશે,
પછી ગભરાઇ બઇરીને લડશે,
ફકી લોકો કેફ તણા અવગુણરે કહું હું કેટલા ૨
નીત્ય નવલી ફરીયાદો થાશે
કપડાં ઘરરાજે વેચાશે,
ફકી સરકારે દોરાશે.
ફકી લોકો કેફ તણા અવગુણરે કહું કેટલા. ૩
એ ભાન થઇ ભુલો ભમશે,
નરશી જગ્યામાં જઇ રમશે
અભિમાન તજી ગાળો ખમશે.
ફકી લોકો કેફ તણા અવગુણરે કહું હું કેટલા. ૪
તેને ઘર ધંધો નહીં હાથ ચડે;
તેની બુદ્ધિ જાશે કેફ વડે,
તેને રસ્તો સીધો નહીં જડે;
ફકી લોકો કેફ તણા અવગુણરે કહું હું કેટલા ૫

એવો અક્કલ હીણો કોણ હશે.
ધન ખરચીને દુખીયારો થશે;
કોણ મરવા સામે પુર જશે,
કેફી લોકો કેફ તણા અવગુણરે કહું હું કેટલા. ૬
નથીરે એમાં સ્વાદ કશો;
કેફથી ઉલટા હેરાન થશો,
વળી મરીને જમ હાથ જશો;
કેફી લોકો કેફ તણા અવગુણરે કહું હું કેટલા. ૭
તમે વિગતેથી વિચાર કરો,
વળી પરમેશ્વરથી કાંઇક ડરો;
દલપતની વિનતી દીલ ધરો;
કેફી લોકો કેફ તણા અવગુણરે કહું હું કેટલા. ૮

કળીકાળમાં કેફીને ચેતવણીની ગરબી. ૨૧

એક કારણ કહુંછું કળી કાળનુંરે લોલ,
મોટા અધર્મ વિકરાળનુંરે લોલ. ૧
જે કોઈ લંકાના વાશી મધુ પીવતારે લોલ,
આજ થયા છે આવી જીવનારે લોલ. ૨
ઉપર વેશ તે ઊંચા વરણનોરે લોલ;
આહાર કરે તે કુંભકરણનોરે લોલ, ૩
સારાં વસ્ત્ર જાણીને ભુલાં પડેરે લોલ,
રસ્તો છોડીને રાનમાં ચડેરે લોલ, ૪
ઊંચો વરણ કરમ નીચુ કરેરે લોલ;
નામ શીવ શકતી તણું ધરેરે લોલ. ૫
જેનો સ્પર્શ થએથી ન્હાવું પડેરે લોલ:
કહેશે મધુ તે દેવીને ચડેરે લોલ. ૬
જેમાં માંસથી દોષ મોહોટા રહેરે લોલ,
તેવું પીવામાં પુન્ય છે કહેરે લોલ. ૭

એતો વેદના વરી રાવણ વંશનારે લોલ;
કાંતો કુટંબી કંસનારે લોલ. ૮
બહુ જુગતી લાવે છે જુઠ બોલવેરે લોલ;
ભોળા લોકોને ઘણા ભોળવેરે લોલ. ૯
કહેશે એક પુરાણે વાત છે કહીરે લોલ;
મદ્ય પીવામાં પાપ છે નહીરે લોલ. ૧૦
જુઠા શ્લોક બનાવે મધુપાનનારે લોલ,
સમજાવે જીવ અજ્ઞાનનારે લોલ. ૧૧
જે કોઇ દુષ્ટ કર્મ એવું આચરેરે લોલ
માર્ગીક નામ તેનું ધરેરે લોલ. ૧૨
નીચ વસ્તુમાં નીચપણુ જે હતુરે લોલ;
વીરચ કરાવે નામ તેહનુરે લોલ. ૧૩
ગ્રંથ વાંચે સભામાં શુદ્ધ ધર્મનારે લોલ,
દીલમાં ભરેલુ દુષ્ટ કરમનારે લોલ. ૧૪
તેમાં નામ ધરાવે દેવી બાળાનુંરે લોલ;
કર્મ કરે તે ચંડાળનુંરે લોલ. ૧૫
ભોળા લોકો ભોળાશો નહી ભરમમાંરે લોલ.
નથી એ વાત કોઇ ધરમમાંરે લોલ. ૧૬
એવા કહેતોની વાત માનશો નહીરે લોલ.
વાતો એ વેદમાં નથી કહીરે લોલ; ૧૭
એવું કરવું તે સારૂ કોણ જાણશેરે લોલ.
વાદ સભામાં કોણ તાણસેરે લોલ. ૧૮
બાલ હત્યા ગઉ માંસ પાપ છોટુ છેરે લોલ;
તેથી મદીરા પાપ મોટુ છેરે લોલ. ૧૯
તેવી રીતે લખ્યું છે શાસ્ત્ર સરવમાંરે લોલ;
ગણતા નથી પાપ ગરવમાંરે લોલ. ૨૦
કહ્યું માનીને દલપતરામનુરે લોલ;

કરજી ન કામ ઉરામનું રે લોક. ૨

ફુદીની બાઇરીના મહીના. ગરબી.

કારતક મહીને ફદી જેનો કંથરે સાહેલી,
આ અબળાના દુખનો નાવે અંત સાંભળ સાહેલી;
દીવસ ઘટે ને રજની મોટી થાશેરે સાહેલી,
આ ફદીની અબળાના કેમ દીન જાસે સાંભળ સાહેલી.
હીમાળાનો શીતળવાયુ વાયરે સાહેલી,
આ એ મહીનો એવી રીતે કેમ જાય સાંભળ સાહેલી.
૨ આ માગશર મહીને સુખ પામુ શી પેરરે સાહેલી,
આ ફદીડે તો માંડયો આકરા કેર સાભળ સાહેલી;
આ કૃપણ ખરચની વાત કરી નવ જાણેરે સાહેલી,
આ ખોઈ બેઠો નીજ બાપતણી કમાણી સાંભળ સાહેલી;
પડયો રહે કોઇ ફદી રસ્તામાયરે સાહેલી,
આ એ મહીનો એવી રીતે કેમ જાય સાંભળ સાહેલી.
૩ પોસે તો ઘર વેચી બેઠો પાપારે સાહેલી,
આ પીયર જવાની વહુને રજા આપી સાંભળ સાહેલી;
જેણે મુજને પરણાવ્યું એનું પાપરે સાહેલી,
આ પેલા ભવનાં દુશમન માને બાપ સાંભળ સાહેલી.
એ રતમાં સાસરે સહુ ચાહેરે સાહેલી,
આ એ મહીનો એવી રીતે કેમ જાય સાંભળ સાહેલી.
૪ માહા મહીનામાં બોલે લોક વસંતરે સાહેલી,
આ તે દુખણી ફદીડા જેનો કંથ સાંભળ
વન પલોવ્યાં આંબે આવ્યો મોહોરરે સાહેલી,
આ દુખણીને સુખ નથી એ ાણુકે પોહોર સાંભળ સાહેલી
ભમર ગાન સુણી પીઉ મળવા મન થાયરે સાહેલી,
આ એ મહીનો એવી રાને કેમ જાય સાંભળ સાહેલી:
૫ ફાગણમાં નર નારી ખેલે ફાગરે સાહેલી.

આ કેફીની અબળાને અંતર આગ સાંભળ સાહેલી;
રમે જમેને હસે મળી નર નારરે. સાહેલી
આ કેફીની પરણેલા ખાય માર સાંભળ સાહેલી.
જોવુંને રોવું ઘર ખુણા માંયરે સાહેલી.
આ એ મહિનો એવી રીતે કેમ જાય સાભળ સાહેલી
૬ ચયતરમાં કેમ ધીરજ રાખુ ચીતરે સાહેલી.
આ કેદ કરે કેફીડો નીતને નીત સાંભળ સાહેલી.
એ પરમેસ્વર કેમ આવો વર આપ્યોરે સાહેલી,
આ એ વરથી ભલો રંડાપો સાંભળ સાહેલી,
ગેહેણાવાળીની ફરીયાદો થાયરે સાહેલી.
આ એ મહિનો એવી રીત કેમ જાય સાંભળ સાહેલી.
૭ હવે લખતે આવ્યો મહિનો વઈશાખરે સાહેલી;
આ કે.મધ બે દાસ થાય બળીને રાખ સાંભળ સાહેલી;
૧રજ તપે તો છતર આડુ રાખુરે સાહેલી
આ દીલ દાઝે તે કોની આગળ દાખું; સાભળ સાહેલી
રજની ઘટીને દાહાડો મોટો થાયરે સાહેલી;
આ એ મહીરો એવી રીતે કેમ જાય સાભળ સાહેલી
૮ જેઠ તો ઉવસડો જાગવા લાગ્યોરે સાહેલી
આ કેફીની અબળાનો આનદ ભગ્યો સાંભળ સાહેલી
પગ દાઝે તો મોજડીયો લઇ આલુરે સાહેલી
આ કાળજડુ દાઝે તે કેમ કરી ઠારૂ સાંભળ સાહેલી;
કેફીડાને કોઇ કહે ન સમજાય સાભળ સાહેલી;
આ એ મહિનો એવી રીતે કેમ જાય સાંભળ સાહેલી;
૯ અશાડ ચડી આવ્યો છે ઘનઘોરરે સાહેલી;
આ મોટા હરખ ધરીને બોલે મોર સાંભળ સાહેલી,
કોઇ કંથ બંધિખાનામાં માહાલેરે સાહેલી;
આ પરણેલીના દિલમાં એ રત સાલે સાંભળ સાહેલી.

ઝિલીયરા ત્રિયવિધના અન વવાયરે સાહેલી,
આ એ માહિનો એવી રીતે કેમ જાય સાંભળ સાહેલી
૧૦ શ્રાવણમાં મેં શિવ પુજા નહિ કિધિરે સાહેલી
આ હવે મુજને કેફિને કર દિધી સાંભળ સાહેલી;
ચિત્ત ટળે તો વ્યસની જુઠો ચોરરે સાહેલી;
આ એ સગપણ કર નારો મરજો ગોર સાંભળ સાહેલી
ભાગ્ય વતી જે પેઉ સથે સોહાયરે સાહેલી;
આ એ મહિનો એવી રીતે કેમ જાય સાંભળ સાહેલી
૧૧ ભાદરવે ભર જોબન એળે જાયરે સાહેલી,
આ કેફીની બાઇરીને કેમ સુખ થાય સાંભળ સાહેલી.
નદીએ આવ્યાં પુરણ જળનાં પુરરે સાહેલી,
આ પેઉ સાંભળતાં આગ જળે છે ઉર સાંભળ સાહેલી;
માળે બેશી પંખીડાં મલકાયરે સાહેલી;
આ એ મહાનો એવી રીતે કેમ જાય સાંભળ સાહેલી.
૧૨ દીવાળીના દાહાડા આસો માસેરે સાહેલી·
આ કેફીની બાઇરીનો નીચ ઉદાશ સાંભળ સાહેલી;
રમે જેમેને ઘરે નવા શણગારરે સાહેલી,
આ કેફીની નારીને નયણે જળ ધાર સાંભળ સાહેલી;
ગુણવંતી મળી મળીને ગરબા ગાયરે સાહેલી;
આ એ મહીનો એવી રીતે કેમ જાય સાંભળ સાહેલી.
માસ અધિકમાં અધિક પણે શું કહીયેરે સાહેલી,
આ પેઉ બંધીખાને એકલા કેમ રહીએ શાંભળ સાહેલી;
આ એ વરથી મુજને છોડાવા ધાયરે સાહેલી;
તો દલપતના સ્વામીને લાગુ પાય શાંભળ સાહેલી.

કેફના અવગુણ વિશે ગરબી.

શીખ દઉછું તે સૌ શાંભળજોરે, કેફ વિચારો બધીશુ હો
લાલ લાલ કસુંબા નવ લીજીયેરે.

અવગુણ ઝઝા અફીણમાંરે; તેથી હોય છે અકલ હીણુ
લાલ લાલ કસુંબા નવ લીજીયેરે.
મોટે મેહેલ ચઢીને બેસતાંરે, અફીણથી એજ થયા હરરા
જ હો લાલ લાલ કસુંબા નવ લીજીયેરે.
જે નર ભોજન જમતા ભાવતાંરે;
રડતા દીઠા અનને કાજ હો લાલ;
લાલ કસુંબા નવ લીજીયેરે. ૨
વાહન રથ ઘોડાને પાલખીરે,
ભાવ્યા પગ પાળ તજી તેહ હો લાલ;
લાલ કસુંબા નવ લીજીયેરે. ૩
રાતા માતા શરીરે શોભતારે,
દીઠા તેના દુરબળ દેહ હો લાલ;
લાલ કસુંબા નવ લીજીયેરે, ૪
જે નર ચતુર શીરોમણી જાગતારે;
નિરખ્યા નિંદ્ર લે નેણુ હો લાલ,
લાલ કસુંબા નવ લીજીયેરે. ૫
જે નર બહુ બુદ્ધિથી બોલતારે,
તે નર ભાખે ભાગ્યાં વેણ હો લાલ;
લાલ કસુંબા નવ લીજિયેરે. ૬
જેની ચતા સંભળાતી આબરૂરે,
તે નર લોકમાં નિંદાયા હો લાલ;
લાલ કસુંબા નવ લીજિયેરે. ૭
જેનું સાચપણું જે માનતારે,
તે સાચ થતાં સમ ખાય હો લાલ;
લાલ કસુંબા નવ લીજિયેરે. ૮
તો પણ સાચ મનાય નહી તેહનુંરે,
સરવે લોક તજે વિશ્વાસ હો લાલ;

લાલ કસુંબા નવ લીજિયેરે.
તે નર દુનીયામાંજીવતો મુવોરે,
સારૂ મનુષ્ય ન બેસે પાસ હો લાલ;
લાલ કસુંબો નવ લીજિયેરે. ૧૦
બહુ દુખ છે એવા બંધાણુમાંરે,
કોઇ દિન મુગતી હોય હાણુ હોં લાલ;
લાલ કસુંબા નવ લીજિયેરે. ૧૧
પૃથ્વી ઉપર પગ ઘસવા પડેરે,
તે ઘડી આવે મોઢે ફીણુ હો લાલ;
લાલ કસુંબા નવ લીજિયેરે. ૧૨
જો કોઇ તજશે વસ્તુ કેફનીરે,
રાજી થાશે શ્રી ભગવાન હો લાલ;
લાલ કસુંબા નવ લીજિયેરે. ૧૩
શિક્ષા સુંદર દલપતરામનીરે,
સજ્જન સૌ કોઇ ધરજ્યો કાન હો લાલ.
લાલ કસુંબા નવ લીજિયેરે. ૧૪

ગરબી ૨૩

સારા માણસે કેફીની સંગત ન કરવી

રાગ ધોળ.

સજન શઘળાએ કેફીનો સંગ ન કરવો. ટેક.
સમજી કાળા શાપ સતીઓ પાપ મણી પરહરવોરે;
સજન શઘળાએ કેફીનો સંગ ન કરવો. ૧
દારૂ પીયે તે દઇત્ય સરીખો, કદી વિશ્વાસ ન કરીયે;
ભાંગ પીયે તે ભંગીયા જેવો, તેથી વેગળા રહીયે;
સજન સઘળાએ કેફીનો સંગ ન કરવો. ૨
પીયે તાડી તે પરેત સરીખો; 'અફીણું' ખાય તે એવો;
ગાંજા ખોર તે ગાંડીયા જેવા, તેથી વેગળા રહીયે;

સજન સઘળાંએ કેફીનો સંગ ન કરવો. ૩
સંગ કર્યાથી અંગ વળગશે, રંગ જશે અદલાથ;
મનમાં હશે ઉમંગ ઘણા તે, ભંગ થશે સઉ બાઠ;
સજન સઘળાંએ કેફીનો શંગ ન કરવો. ૪
ફીણુના પઇસા નહી લે, ઘરનું પાસે ધોળી;
વળગાડીને રહેશે વેગળા, રહેસો આંખો ચોળી.
સજન સઘળાંએ કેફીનો શંગ ન કરવો. ૫
સાકી સરખા કરવા ડોલે, બોલે વાત બનાવી;
નાક કટે જેમ નાત વધારી, ભોળાને ભરમાવીરે.
સજન સઘળાંએ કેફીનો શંગ ન કરવો, ૬
પ્યસે ઘણા ગુણ ગાશે, પીસે ને નગીં પાશે;
જાશે જર જોબન દુખ થાશે, પછી ઘણા પસ્તાશોરે,
સજન સઘળાંએ કેફીનો શંગ ન કરવો. ૭
આવા બોધને મેલી ઊચા, લુચા દુરગુણ લેશે;
સારા સજન સુણીને દોષ વીસારી દેશેરે.
સજન સઘળાંએ કેફીનો શંગ ન કરવો. ૮
દોષ તજે સંતોષથી સુણીને, રોશ ગમે તો રાખોરે;
દલપતરામ દુનીયાં મધે, દેખે તેવું દાખેરે.
સજન સઘળાએ કેફીનો શંગ ન કરવો. ૯

ગરબી ૨૪.

ભરથાર વશ કરવા વીશે.

અલબેલારે અંબામાત જોવાને જઈએ. એ રાગ.

લલનાનહી થાય લગાર કામણ મંત્ર કશે,
આ મંત્ર કરો ઉચાર વશ ભરથાર થશે. ટેક,
પ્રાણપતિ પીઊજી છો પ્યારા, ન્યારા ન રહો નાથરે;
અરવથકી લાગો છો સારા, હું વેચાણી તમ હાથ. કા૦૧
તન મનમાં સઊસાજી તાજી. રાજી રાખું રાજરે;

જો કદી જાણું કાંઈ કરાજી,
માતપીતાયે મોટી કરીને, હુતે શોંપ્યો હાથરે;
સુખ આપો કે દુખ આપો. તમેછો મસ્તકના નાથ;
કામણ મંત્ર કશે. ૩
ગુણસાગર ગંભીરછો સ્વામી, હું અવગુણ ભરી આજરે;
પોતાની ગણી પ્રેમ નીભાવે, બાંહે ગ્રહયાની લાજ;
કામણ મંત્ર કશે. ૪
સ્નેહ તમારો જોઇને સ્વામી, જામી મીલત જેમરે:
ખુબ ખુશી થઇ ન રહી ખામી, પામી પુરણ પ્રેમ.
કામણ મંત્ર કશે. ૫
ભાગ્યું કરવું ભગવંતે મારો સફળ કરયો અવતારરે;
મેહેર કરી જગમાં આપ્યો, તમ સરખો ભરથાર;
કામણ મંત્ર કશે ૬
સગાં સરવ તમ કાર તજ્યાં, તજ્યા સહીયર સંગરે;
દોસ્તી સરવની દુર કરી હું રાચી તમારે રંગે;
કામણ મંત્ર કશે. ૭
આભ ઉંચો ને નીચે અવની, અવર નથી આધારરે;
આશા રાખું એક તમારી, છો સુખના દાતાર.
કામણ મંત્ર કશે. ૮
જો સુંદરીને રીઝે સ્વામી, તો શોભે શણગારરે;
નહી તો તે શણગાર સરવછે, અગ્નતણા અંગાર.
કામણ મંત્ર કશે. ૯
દુનીયામાં નર તમને દેખું. બીજા લાગે ફકીરરે;
ગણું છું તે સરખાને, હોય અમીર વજીર.
કામણ મંત્ર કશે. ૧૦
[illegible] જંતુન જળ સંગાથે, જેવી પુરણ પ્રીતરે;
મુલક પડે જો દુર તરફડે. એજ અમારી રીત;

કામણ મંત્ર કરી. ૧૧
પાર ન લે પ્રીત વરણવતાં, રથીતી બેશી એકડામરે;
રાત દીવસ કવીના રચના જો, રચશે દલપતરામ.
કામણ મંત્ર કરી, ૧૨

ગરબી ૨૫.

રામચંદ્રજીને શીતાના કાગળનો ઘોળ.

બાગેરૂ મુંધા મુલનું. એ રાગ.

સ્વસ્તી શ્રીપુરીલંકા સોહામણી,
જ્યાં રાજેછે જનકકુમારી પ્રીતમ લખે પ્યારીને.
રહો અખંડ એવાતણ્ તમતણું,
એવી આશીશ તાઓ અમારી, પ્રીતમ લખે પ્યારીને;
મારી દહલના જોગે જુદ પડ્યા,
પણ પ્રાણ મારા તમ પાસ પ્રીતમ લખે પ્યારીને. ૧
બેસુ બાગ બગીચે કે બંગલે,
રહું તમ વિન અધીક ઉદાશ, પ્રીતમ લખે૦ ૨
તારો નેહ ઘડી ઘડી સાંભરે,
તારો ભાવ ભુલ્યો કેમ જાય. પ્રીતમ લખે૦ ૩
મારે અરથે તજી બાળપણુથકી,
તજ્યો સઘળો પીયર પરીવાર પ્રીતમ લખે૦
તારી નમ્રતા અમૃતથી ગળી,
વળી શોભતો શાંત સ્વભાવ. પ્રીતમ લખે૦ ૫
જેથી મનનો ઉદાશી તુરત મટે,
તારા બોલનો એવો બનાવ. પ્રીતમ લખે૦ ૬
ગોરાંદે ગુણ તારા કેમ વીસારે,
કેમ વીસરે વીલાપભર્યાં વેણ. પ્રીતમ લખે૦ ૭
હેત વસ્તુ નહન તારૂ વીનતા,
મારાં નીરખવા તલપેછે નેણ. પ્રીતમ લખે૦ ૮

દીવસે તુજ વીના દીલમાં ગોઠે નહી,
પીવું પાણી કે જમવું અનાજ. પ્રીતમ લખે૦ ૯
રાતે રે.ઇને આંખો રાતી થઇ,
લોક પુછે તો આવેછે લાજ. પ્રીતમ લખે૦ ૧૦
ગોરી મનમાં ધીરજ ધરી રાખતી,
કાલે ભાગશે ભવના વીજોગ. પ્રીતમ લખે૦ ૧૧
જેથી રીઝે આપણો જગપતી,
એવો અઘનાશ કરવો ઉદ્યોગ પ્રીતમ લખે૦ ૧૨
જે જે તુજ પાડોશીઓ શુધ છે,
તેને પ્રીતથી કહેજો પ્રણામ પ્રીતમ લખે૦ ૧૩
બીબીક્ષણુ મારા મીત્ર પવીત્રને,
કહેજો જરૂરનું હોય જો કામ. પ્રીતમ૦ ૧૪
જોઇતી વસ્તુ જરૂર મંગાવજો,
કશી વાતે મુંઝાશો ન મન. પ્રીતમ૦ ૧૫
કાલે દેખીશું દિવશ આનંદના,
જાશે વિસરી આ દુખ ભરયા દીન; પ્રીતમ૦ ૧૬
જે જે પ્યારી તમારી સાહેલીયો,
તેને પણ કેહેજો મારો જુહાર. પ્રીતમ૦ ૧૭
સાસુ સસરાની આશીશે સુંદરી,
મળશે ભામનીનો ભરથાર. પ્રીતમ૦ ૧૮
વધે સ્નેહને સંપ સુજન સાથે,
તેવી તન મન રાખજ્યો ટેવ. પ્રીતમ૦ ૧૯
અમે થોડી મુદતે આવશું,
એમ દલપતરામનો દેવ, પ્રીતમ૦ ૨૦

ગરબી. ૨૬
શીનાજીના કાગળનું થોળ.
રાગે ઉપર પ્રમાણે.

[illegible] શ્રી સંસ્થાન સોહામણું,
જ્યાં રાજે સદા રઘુનાથ. કાગળ લખે કામની૦ ૧
લખે લંકા થકી સીતા સુંદરી,
હેતે વંદું જોડી જોડ હાથ. કાગળ૦ ૨
પત્ર આવ્યો તમારો પ્રીતે ભર્યો,
વાલા વાંચી થયો વિસરાગ. કાગળ૦ ૩
પણ જીવણ તમથી જુદાં પડે.
ઘણા દિવસ થયા ઘનશ્યામ. કાગળ૦ ૪
મારે મન મળવાને અકળાય છે,
ઘડી એક તે જુગ જેવી જાય. કાગળ૦ ૫
મારા નેણુના નીરથી નાથજી;
સુતાં રજનીમાં સેજ ભીંજાય. કાગળ૦ ૬
ઘેર આવો હવે ધણી નાથ,
નહીતો જીવડો બળે જરૂર. કાગળ૦ ૭
હવે પાંખો આપી હોય પંડમાં,
ઉડી આવું દેશાવર દૂર. કાગળ૦ ૮
વાલા નીત્ય નવી વારતા વાંચીએ,
જેથી પામિયે પુરો પ્રમોદ. કાગળ૦ ૯
ચતુરાઈનાં ચોંજ હું ચાળવું,
આવો વિદ્યાનો કરીએ વિનોદ. કાગળ૦ ૧૦
ત્રાંબા કુંડી ઊંડી રૂડી ઓપતી,
ભાવે ભરૂં માંહી નીરમળાં નીર. કાગળ૦ ૧૧
બેસો બાજોઠે ચહડી મારા ચોકમાં
સ્વામી નવરાવું ચોળી શરીર કાગળ૦ ૧૨
કરૂ સરસ રસોઇ રૂડી રીતથી,
પ્રીતે પીરશી બેશું હું પાસ. કાગળ૦ ૧૩
એવા દિવસ તં ક્યારે દેખાડશો,

ક્યારે અંતરની પુરશો આશ. કાગળ૦ ૧૪

સ્વામી તમ વિના પિયરને સાસરૂ,

સુનો લાગે છે સઘળો સંસાર. કાગળ૦ ૧૫

મારા માંયથી મુંઘા પ્રભુ તમે,

મારા આત્માના છો આધાર. કાગળ૦ ૧૬

આવે પરવનાદીન સુખ સરવને,

હું તો શોક ઉદાશી સદાય. કાગળ૦ ૧૭

ગાજે ગોધને હૃદયે દાગની,

આખા જનમની જંપ ન થાય. કાગળ૦ ૧૮

હું તો સુની દેણુ સુખ સેજડી,

ખાલી મંદીર ખાવા ધાય. કાગળ૦ ૧૯

ભરી વસ્તી ઉજ્જડ જેવી ભાસે છે,

એક તમ વિના વીગોવન રાય. કાગળ૦ ૨૦

વાલા હું તમને કેમ વિસરી,

કેમ વિસારયુ દાદાનું વચન કા૦ ૨૧

પત્ર વાંચીને વેહેલા પધારજો,

સ્વામી શરીરનાં કરજો જતન. કાગળ૦ ૨૨

કોઇને દુખીયા દેખીને દુખ પામતા,

તેવી નાથ તમારી છે ટેવ. કાગળ૦ ૨૩

આવે અવસરે કેમ કઠણુ થયા,

દલપતરામના દેવ. કાગળ૦ ૨૪

ગરબી ૨૭

ધોળ.

જ્યારે રામચંદ્રજી તથા લક્ષ્મણ વનવાસ ચાલ્યા ત્યારે શીતાજીએ કહ્યું કે હું પણ સાથે આવીશ તે સમે રામચંદ્રજીએ કહ્યું કે તમે પીયર જાઓ તે સમેનું ધોળ. "મામેરૂ મોંઘા મુલનું એ રાગનુ છે" પણ દોઢ જાતનીછે

રામ લક્ષ્મણ વનમાં સિધાવતાં, સતી સીતાને આવતાં સાથ કહે રઘુનાથ પધારો પીયર ભણી ૧
નહીંતો આંકડા ગંઠા સસરાના રાજ્યમ, કુંત ભ્રણાવજો સાસુ સંગાથ પધારો પીયર ભણી ૨
અમે વસતીમાં નહીં વસીએ વિનતા, અમે કરશું જઇ વનવાસ; તમે પામો ત્રાસ પધારો પીયર ભણી ૩
સાથે રથ કે ઘોડું નહીં રાખીએ, નહીં રાખીયે દાશી કે દાસ; કોઈ અમ પાસ; પધારો પીયર ભણી ૪
તમે કોઇનો પંથ કીધો નથી, ચરણે ચાલવાથી પામો થાક; લીટી ખેંચો નાક, પધારો પીયર ભણી. ૫
અમે વન ફળ ખાઈ ખુશીમાં રહીશું, કેઇ દિવસ તો ફળ શાક વીના લુણ પાક, પધારો પીયર ભણી, ૬
વનમાં નથી મંદીર નથી માળીયાં, નથી પોઢવા કાજ પલંગ રંગીન નવ રંગ, પધારો પીયર ભણી. ૭
કરશું ઘાસ કે પાનની ઝુપડી, સુવા સાથરે ખુચે અંગ; એમાં શો ઉમંગ, પધારો પીયર ભણી, ૮
વનમાં હીરનાં ચીર તો નહીં મળે, વનમાં નહીં મળે ફુલેલ, કે તેલ ધુપેલ, પધારો પીયર ભણી. ૯
વનમાં નહીં મળે શાણી સાહેલીઓ, કરશો કે સંગે ખાંતેથી ખેલ ઉમંગ ભરેલ પધારો પીયર ભણી. ૧૦
વનમાં ઘાતકી રેહે છે રાક્ષસ ઘણા, ચારે તરફ ફરે છે બહુ ચોર, જેનું ઘણું જોર પધારો પીયર ભણી. ૧૧
વનમાં વાઘ વરૂને વાંદર જોયાં, ઘણા વિચરે જનાવર ઘોર બચે નહીં ચોર; પધારો પીયર ભણી. ૧૨
ઊષ્ણ કાળે વાશે ઉના વાયરા, એવું દેખીને થાશો ઉદાશ જ્યારે જેઠ માસ, પધારો પીયર ભણી. ૧૩
વરસે મેઘને ઝબક વીજળી, તેવે ટાણે તો તરતમાં વાસ

નહી છત્ર પાસ પધારો પીયર ભણી. ૧૪
મોટા પરવત દેખી માનતાં, તમે નજરે જોયા નહી જા
ય, દીઠે ખાવા ધાય, પધારે પીયર ભણી, ૧૫
તમે રાજ કન્યા કાયા કોમળી, વનવાસનાં દુખ ન વેઠાય,
કાયા કરમાય, પધારો પીયર ભણી. ૧૬
ઘરમાં અંધારૂ દેખી ડરો ઘણું નથી નીસરયાં કદી ઘર
બાહાર છો નાજુક નાર; પધારો પીયર ભણી. ૧૭
તમે બાળક વય વરશ સોળનાં, નથી શંકટ વેઠયાં લગા
ર. તમે કોઇ વાર; પધારો પીયર ભણી ૧૮
પરણી આવીને પીયર ગયાં નથી, તમને મળવાને ઇચ્છે
છે માય ચોંપે ચીત ચાહાય પધારો પીયર ભણી. ૧૯
રાજા જનકજી તમને જંખે ઘણા, તેના સંદેશા આવે
શદાય તેડાં પાછાં જાય પધારો પીયર ભણી. ૨૦
ભાત ભાતનાં ભોજન ભાવતાં, તમને મોકલશે મહીપાળ
પુરાઇને થાળ; પધારો પીયર ભણી. ૨૧
અમે અવધે ફરીને જયારે આવશુ. સ્નેહ લેશુ તમારી સ
ભાળ; ત્યારે તતકાળ; પધારો પીયર ભણી. ૨૧
રૂડી મીથીલાપુરી મન માનતી, તેમાં પામશો પરમ વીશ્રા
મ બાપનુ ગામ; પધારો પીયર ભણી. ૨૩
ગોરી તમને ગમેતેમ હું કરૂં, એમ દલપતરામનો શામ,
કહે રાજારામ; પધારો પીયર ભણી. ૨૪

ગરબી ૨૮
શીતાજીના જવાબનું ચોળ.
રાગ ઉપર પ્રમાણે.

એવું સાંભળીને શીતાજી કહે, સુણો સુંદર શ્યામ સુંજા
ણ, પ્યારા મારા જાણુ સાથે રાખો સ્નેહથી.
જુદા પડવાની વાત વાહાલા કહો, તેતો બોલ લાગે

તીખા બાણ, રહુ કુળ ભાણ; સાથે ર૦
સ્વામી જ્યાં તમે ત્યાં ઘર માહરૂ તમથી વેગળી તે
પરદેશ, હું જાણું હમેશ સાથે ર૦
તમે જોગીનો વેશ જો ધારશો, તો હું જોગણનો ધરૂ
વેશ, જટા કરું કેશ, સાથે ર૦
સ્વામી તમેરે સુખી તો સુખ માહરે, તમે દુખમાં તો
દુખ માહારે ટેવ, એમાં સંદેહ; સાથે૦ ૪
૦ ... પરણ્યા પછી રહે પીયરમાં, અવતાર બળ્યો
ધીક એહ, તુવા જેવી તેહ, સાથે૦ ૫
સ્વામી તમ વિના મંદીરને માળીયાં, ભાસેપરવત મો
ટા સમાન, વસ્તી તો વેરાન સાથે ૬
આ વનમાં ભરી વસ્તી ભાસસે જ્યારે સ્વામી દરશ
ન દાન કૃપાના નિધાન; સાથે૦ ૭
સાસુ સસરાને માત પીતા સહુ, ભલે જીવો કરો રૂડા
રાજ મને માહારાજ સાથે૦ ૮
સ્વામી શું કરૂ ભાઈ ભોજાઈને, સ્વામી શું કરૂં સઈ
યર સમાન, કેનુ નથી કાજ, સાથે૦ ૯
સાચુ સગપણ જગમાં સ્વામી તણુ બીજો સ્વારથી
સઘળો સંસાર, કુટંબ પરીવાર સાથે૦ ૧૦
મારા લાડ પાલણ તમે લાલજી, બીજો નથી આંસુનો
લોનાર કે એકે આધાર; સાથે૦ ૧૧
કીયા પ્રાણ થકી જો જુદી રહે, તો હું તમથી જુદી
પડુ છેક; રહુ તજી ટેક, સાથે ૧૨
એ કોઈ જળથી જુદી પડી માછલી, રાખે દુખમાં ક
રી વિવેક, જીવે પળ એક, સાથે૦ ૧૩
તમે સુખના સાગર રહો વેગળા, પછે શું કરૂ રાજને
પાટ; હવેલીના ઠાઠ, સાથે૦ ૧૪

અને હીરના ચીર ગમે નહીં, મને ન ગમે ભરણાના
ઘાટ, મરાડો ઉચ્ચાટ; સાથે૦ ૧૫
હું તો તમને દીઠે થાઉ દેખતી, અણદીઠે તો આંધ
ળી ભીંત, જનમંગી એ રીત; સાથે૦ ૧૬
મેં તો સ્નેહ તોડી સરવ લોકથી, બાંધી તમ સંગે પુ
રણ પ્રીત, ચોરાયુ છે ચીત સાથે૦
જગતનું તમથી જીવન જુદાં પડી, હોય વિધ વિધનાં પ
કવાન, તે વિખનાં નિશાન સાથે૦ ૧૮
કરીએ ભોજન તમ સાથે ભાવતાં, હોય કેવળ શાક કે
પાન, તે મેવા સમાન, સાથે૦ ૧૯
સ્વામી તડકાને તાપ વધશાખના, તેનો જાણીશ ચંદ્ર
પ્રકાશ, રહે તમ પાસ સાથે૦ ૨૦
મુજને મેલી જો પંથ પધારશો, ત્યારે સ્વામીની ન
સરશો આશ, નકી પામું નાશ સાથે૦ ૨૧
કરતી વાત ઢળી પડી ધરણીએ, ઢળી અનકી થઇ ની
રાશ કહે લેતી શ્વાસ સાથે૦ ૨૨
દયા કરી દેવ દલપતરામને, સતી સીતાને દેખી ઉ
દાશ; જતાં વન વાસ સાથે૦ ૨૩

ગરબી ૨૯

સુધરેલી સ્ત્રી વિશે.

'શેઠ સગળશા સાધુને શેલે." એ રાગનું છે.

જેને સુધરેલી નારીરે, સદા સુખી તે સંસારી. ટેક
નીરમળ નયણાં દીસે નીરંતર. નેહ ભરેલાં નેણ,
મનને હરે એવાં મુખથી ખરતાં, તેણીનં લઇએ વેણ; જે
સ્વામીના ચીતમાં શોક કે ચિંતા, જો જાણે લવલેશ;
હેતે હસાવીને હિંમત આપે, કાપે સઘળો કલેશ. જેને.
મુખીને જોતાં પ્યારા પતિની, જો મરજી ન જણાય;
પરઘેર તો શાનું પગલુંજ માંડે, પીયર પણ નવ જાય; જે

ગરજના મનની મરજી પ્રમાણે, કામ સદા કરનાર;
સુંદરી એ ભાગ્યશાળીના સારૂ, સરજી સરજનહાર જેને
સુપનામાં કદી કોઇની સાથે ટંટો કરે નહીં લેશ;
મેલ વિનાનું મન પણ નિરમળ, નિરમળ દીસે દેહ. જેને
આપે પ્રભુ એવો વલ્લભ પામી, પામે પુરો સંતોષ;
સંકટમાં પણ સ્વામીની સાથે રીસે ન રાખે રોષ. જેને
ગામમાં રહેતાં ગરીબ પોતાથી, તેનું જુવે સુખ તોલ;
દોલતવાળાની દોલત દેખી, બોલે ન હલકા બોલ જેને.
સ્વામીનો શુદ્ધ સ્વભાવ ગમે, મન રાચે સ્વામીને રૂપ.
પર પતીને તો પથ્થર જેવા જાણે; ... જેને
સાંભળે શબ્દ શીખામણના ...
દુરગુણ દેખીને દુરથી નાસે સદગુણ ... જેને
આળસ ઊંઘ અનીસે ન દીસે; ...
અંદગી તો જેને દીઠી ન ગમે, ન ધમે નઠારો સંગ જેને
સ્નેહ વધારેને સોક ઘટાડે, લોકમાં પામે લાજ;
એવી મળે જો આ દુનીયામાં, સ્વર્ગ ... કાજ, જેને
પુરણ પુન્યથી પુરૂષ પામે; ... એવી નાર;
દલપતરામ કહે દુનીયામાં, ધન એનો અવતાર. જેને

ગરબી ૩૦

દોહે ૧ તરજના ... ની

જે કોઇ અંબીકાજી માતને આરાધશેરે લોલ, ... રાગ
લ્યો શીખવા વિવેક એક વાતડીરે લોલ,
છુટે મુરખપણું છેક ખુલે છાવડીરે લોલ ૧
સુણયા ગુણ ભરેલા ગરંથ ભલો ભાવથીરે લોલ
પામો ... પંથ ... લોલ ૨
... વેદેમ ... વાત વેહમીઓ કહીરે લોલ,
ભુત પ્રેતને ... સાચા નહીરે લોલ ૩
દોરા ચીઠી મંત્ર જંત્ર જુઠા જાણુંજોરે લોલ.

આશા તુચ્છકાની તંત્રમાં નઆણુજોરે લોલ ૪
દેના દામ કરે કામ દેવ દેવીઓરે લોલ;
કેરે હામ ઠામ વાત એવીગોરે લોલ. ૫
ફરી મેળ વરણ કુળ ઠગે જોશીઓરે લોલ.
ભુવા ભિખણીને દંભ ઠગે ડોશીઓરે લોલ. ૬
કષ્ટ પુત્ર પુત્રી કાજ માતા માયછેરે લોલ;
તજી લાજ જેગી રાજ પાસે જાય છેરે લોલ
વળી કરણ વાતથી લુટાય છેરે લોલ;
ભોળી ભામનીઓની જાત તે ઠગાય છેરે લોલ. ૮
ખરૂં માનીને ખચીત ચીત ચેતજોરે લોલ;
ખરો ગાવા હાવાં ગીત હરિ હેતજોરે લોલ, ૯
જરૂર જાડ્યા ભરમ બાળ મને જાણુશોરે લોલ; ૧૦
ગાળા પવિત્ર ધર્મ ઈચ્છા આણુશોરે લોલ.
ભીને કાજ વળી આજ પામો લાજનેરે લોલ. ૧૧
તજો તુચ્છ જેવી ટેવ આદગોવતારે લોલ;
રીઝે દલપતરામના દેવ દેવતારે લોલ. ૧૨

ક્રોધ વિશે પદ ૩૧

નાથ કેમ ગજમા બંધ છોડાગો એ ગામનું

કોઇપર ક્રોધ ન કરશો કદાપી, આતી ક્રોધછે પુરણપાપી
કોઈપર ક્રોધ નકરશો ટેક)

ક્રોધ કુબોધ અતી ઉપજાવે, લાગ સુબોધને કાપી;
બાળકોમાં વધી વિરોધ વધારે, શોધ સમુળો ઉથાપી. કો.
માન અપમાન કશું ન વિચારે, જ્યારે, જ્યારે રીસ રહે વ્યાપી
સુખનું વચન ફરી મુખમાં નવ પેસે, આપ રહે છાપી
કોઇ પર૦ ૨

ઓળખી સઘળીએ વિસરી સુમતીયો, ક્રોધ કુમતા જેને
આપી; નહી કરવાનાં કામ કરી નર, રોવાછે વનમાં વિલાપી
કોઇ પર૦ ૩

ક્રોધ કરી ફરી ફરી પસ્તાયા, જે હતા તે પ્રૌઢ પ્રતાપી
દલપતરામ કહે દુનિયામાં, ખ્યાત છે વાત સત્યારથી. ક્રો૦ ૪

ગીત ૬૨.

છડીએ બાગામાં ખાટી ખીચડી, છડીએ ઘેર ઘેર
માગી ઢોકરી એ રાગનું

જ્યારે શ્રીનાથજી [illegible] પોતાની બેહેનપણીને પોતાના હરખની જે વાત કહી તે વિશેનું ગીત

લાડ્યાં પરણીને જે સમે જાનમાં,
વધ્યો હઈડામાં હરખ વિવાહ થકી. ૧
એવી સાંભળી સાહેલીને સુંદરી,
બોલી બોલ અંતર ખુશી ભરી. ૨
સખી સાંભળ કહું મારે વાતડી;
મારી આજ શીતળ થઈ છાતડી. ૩
મારો હરીવરે હાથ ઝાલીયો,
મને અખંડ ચુડો એણે આલીઓ. ૪
વર પામી સુંદર વર વીડલો;
એ તો કાને સુણ્યો તેવો દીઠલો. ૫
મને દુઃખ ન ગમે હવે પીયરમાં;
મારું મન મોહ્યું શામ શરીરમાં ૬
વર મળીયો મને છેલ વાંકડો;
હવે શીદને ન રાખીએ આંકડો, ૭
વર પામી હું તો વડભાગીયો.
મેં તો ભલો ભલો એ વર માગીઓ. ૮
મને મનગમતું મળ્યું સાસરું;
હવે કેમ ધડક મનમાં ધરું ૯
મારી એ સગી જેણે સગાઈ કરી;
એને આશીશ આપું ફરી ફરી, ૧૦
ગુરુને શીર નામું લળી લળી;

ગને ફરણાવી એ વરને વગી. ૧૧
હવે મન ગમતાં સુખ માનીએ
ફગ કોઈની શરમ દીલ આણીએ. ૧૨
મારે કસુર ન રહી કોઇ વાતની;
મારે માયા ટુટી માત તાતની, ૧૩
મને માનીની કરી હરી થાપતે;
હું તો જે જે મગીશ તે તો આપશે, ૧૪
મારે નીસરી ખાણ એ કરમની.
વાત સુરખ ન જાણે એ મરમની; ૧૫
પુન્ય પુરા મેં કીધા હશે ઘણાં,
તેણે પામી ચરણ પીઉજી તણાં.
વરત ધ્યાન કરે જેને કારણે.
તેને પામી હું તો સુતી પારણે: ૧૭
હું તો કાશી કંદારમા નવ ફરી.
હું તો ઘેર બેઠા એ વરનેવરી. ૧૮
હવે સગા સબંધીને શું કરૂ.
હું તો સુંદર વરની સાથે ફરૂં; ૧૯
નેન મોન્યુ છે દસરથ લાલમા,
વર લખ્યા સુંદર મારા ભાલમાં; ૨૦
ભુલી દુરગતી દુરગુણી ટેવને.
પરણી દલપતરામના દેવને.

રૂસણું તોડવા વીશેનું;

હું ઇશ્વરને પુજવા નીસરીરે લોલ
ગોખા કંકાસટી વીસરીરે લોલ એ રાગ
કહું તે સખી કોઇને કહેવાશમાંરે લોલ
કાલે રહયતા કંથ રીસમાંરે લોલ ૧
એક બોલ ન આવ્યો મારા ઉચારમાંરે લોલ
તે ઘડીએ હું પડી વીચારમાંરે લોલ. ૨
શાને માટે રીસાયો જાયો સાસુનોરે લોલ,
આંખે પ્રવાહ વહે આંસુનોરે લોલ. ૩

આનંદ પાનને શુણી હું ગીત ગતોરે લોલ.
શુણી અમીર કેરા ભાનનેરે લોલ. ૪
સીંકે ફુલ થાય શુખ તો શરીરમાંરે લોલ
તેન ગયું ટુટી હીર મીરમારે લોલ, ૫
મને શુણી સગાન લાગ્યું સાસરૂરે લોલ
સુજે નહીં જે હવે શું કરૂંરે લોલ; ૬
ચડયો સાંઢો અકારી ભલા ભાગ્યનોરે લો.
ભડકો રહયો તે જાણું આગનારે લોલ.
મેના પોપટ બોલે મુખ મીઠડારે લોલ
દુખમાં મે શતરૂ જેવાં દીઠડાંરે લોલ. ૮
બાગે વાડી તો બળંકારથારે લોલ
આંખોના પાટા જેવી આરશીરે લોલ. ૯
હુંતો બર્ફ બેઠી દીવા આગળેરે લોલ.
કૌતિક પડી નજર ત્યાં કાગળેરે લોલ ૧૦
કિધો શોધનો અખિબાંનું ચોપાનીયુંરે લોલ,
વાંચવા તે સારૂ મન માનીયુંરે લોલ. ૧૧
ગરબી રૂપાળું તોડવાની રૂડા રાગનારે લોલ.
ભાળી રૂપાળી કેવડા બાગમાંરે લોલ. ૧૨
લઇને ગાવા લાગી હું જેમ જે થડીરે લોલ;
ત્યાંથી ઉડીને આવ્યા તે થડીરે લોલ. ૧૩
હેત આણી વખાણી વાણી બોલીયારે લોલ;
દીલમાં હરખીને ઘણું ડોલીયારે લોલ ૧૪
જાણું ધનરે મડીને મન રાતડીરે લોલ;
છુટયો કલેશ ઠરી છાતડીરે લોલ. ૧૫
ભલે આવ્યો આકાસ ચડી ચંદતુરે લોલ;
આપે છે આજતો આનંદ તુરે લોલ. ૧૬
એમ સ્ત્રી બોધથી બોધ ઉપજયોરે લોલ;
ભાઇરે કવિ લાલારૂ બહુ થજોરે લોલ. ૧૭
ગરબી સાંભળીને રાખશે જે રૂશણુંરે લોલ;
પાપ તેના માથે પ્રથવી તણુંરે લોલ. ૧૮.

મેગાં મુદ્દ દિલેશવાળું જે દશેરે
તુરત તે નામોશી તજી બોલસેરે લોલ ૧૯
બીજી વાર તે લગર નાવે ભળીરે લોલ
સંપે વસો સદા સાંભળોનરે લોલ ૨૦
નથી વસતું મળીને વરસ સો બસેરે લોલ;
પંખીના માળાની પેઠે તે થશેરે લોલ. ૨૧
નહી ક્યારે કલેશ લેશ કીજીએરે લોલ;
પ્યારથી પ્રેમરસ પીજીએરે લોલ. ૨૨
મહારાજા ધીરજ તેથી રીજશેરે લોલ;
નહીતો ખરેખરા તે ખીજશેરે લોલ ૨૩
રૂડે રાખો રૂડા દલપતરામનારે લોલ
કોટી પ્રકારે કેણું કામનારે લોલ. ૨૪

ગરબો ૪૭

ઉદેપુરના રાણાનો કેફ કરવા વિશે.

થાયછે કેફ કીમાથી દુખ કહું તે કેટલુરે લોલ.
સરવણું જાય સઘળું સુખ જગતમાં જેટલુરે લોલ;
મરવું મોત વિનાનું થાય કે, કેફ કીધા થકીરે લોલ.
બાઇને જગમાં લજ્યા જાય, તમે જાણો નકીરે લોલ
વળી એક કહુછું તેની વાત, સુણી વિચારજોરે લોલ.
હેત ધરીને દીન રાત, હૈયામાં ધારજોરે લોલ;
જેથી દુખ થયું એકવાર, તો દુર સમજુ થશેરે લોલ
ગયો દીન ખાએ માર કે, તોએ ત્યાં જશેરે લોલ;
છે એક મોટું ઉદેપુર ગામ કે, મારૂ દેશમાંરે લોલ.
રાણો રાજ કરે તે ઠામ કે, બાળે વેશમાંરે લોલ;
કેફ કીધાનો નિત સામાન, કુંવરજીને ઘણોરે લોલ
નારી પાંચ તણો એ નાવ રૂડો રણીઆંમણોરે લોલ
એક દીન કેફ કીધી ભુપાળ ગયોને મંડળરે લોલ.
ચડતે રંગ મેહેલને માળ, પડયો ધરણી ઢળીરે લોલ
તેના પડતે છુટયા પ્રાણ ઘણી માઠી થઈરે લોલ.
ત્યારે થયું પુરજનને જાણ, કે ધીરજ નવ રહીરે લોલ

વરત્યો પુરમાં હાહાકાર, રુવે નર નારીઓરે લોલ
કેફને બહુ કીધી ધિક્કાર, જેણે નર મારીઓરે લોલ.
જગમાં બહુ બાપનો નર જેહ વિના મોતે મુઓરે લોલ
કેફ કીધાના છે ફળ એહ, વિચારીને જુઓરે લોલ.
રાણો શત્રુરતનો તુજ જેણે મરતાં સમેરે લોલ;
કીધું, કેફ અમારે ફરી, કદી ન કોઈ તમેરે લોલ.
એ અવસરમાં તે દીધી આણ, બહાદુર ગાદીએરે લોલ
મદીરા કેફ તજે મહારાજ, કદી પણ નવ પીએરે લોલ
જગમાં જે નર ચતુર સુજાણ, સુણી વિચારજોરે લોલ
અકલ હીણા પુરુષ અજાણ, સુણી વિસારસેરે લોલ
જે જન તે લજ્યા ખોનાર, કે કેફ કરે સહીરે લોલ;
તે જણનારીને ધીક્કાર, પથર જન્મ્યો નહીરે લોલ,
કપડાં ધોવા આરત કામ, ભલા ઉપકારમાંરે લોલ;
હાલું કીધું જીવત હરામ, કશો નહીં સારમાંરે લોલ,
એવો કોણ અભાગી હોય કે, મુખ કાળું કરેરે લોલ;
છોડી ઘી સાકર રસ કોઈ, અગલ મુખમાં ધરેરે લોલ
એ છે હલકા જનનું કામ જેને લજ્યા નહીરે લોલ;
ઊંચો વરણ ન લેવે નામ, મદીરાનું કહીરે લોલ.
ધીટરે નર કરનારા કેફ, કે નફટ તું થયોરે લોલ:
જગમાં તુથી સારો બેલ, કે તાણે ગાડીઓરે લોલ.
કેફ કીધાની સાથે રોગ, સચેત શરીરમાંરે લોલ;
ફરી નહીં આવે એવો જોગ, અંતર પીડમાંરે લોલ.
શિક્ષા સહુ કોઈ ધરજો કાન, દલપતરામનારે લોલ;
૧૫ જગમાં પુરુષ સુજાણ તેના કામનીરે લોલ.

સમાપ્ત.